OCR RECOGNISING ACHIEVEMENT

**ADVANCED SUBSIDIARY GCE**

# GUJARATI

**F883**

Listening, Reading and Writing 1

| |
|---|
| Candidates answer on the question paper.<br>**OCR supplied materials:**<br>• Special sheet (inserted)<br>• CD<br>**Other materials required:**<br>None |

**Monday 16 May 2011**
**Morning**

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

## INSTRUCTIONS TO CANDIDATES

- The insert will be found in the centre of this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions.
- Do **not** write in the bar codes.

## INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- This document consists of **24** pages. Any blank pages are indicated.

© OCR 2011 [H/500/8403]
DC (SLM) 29567/3
OCR is an exempt Charity

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**આશુની રજાનો એક દિવસ**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**

**અ) નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

ઉનાળાની રજાઓ દરમિયાન, આશુ

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| માતા – પિતા ... | મિત્રો ... | ભાઈ – બહેનો ... | પાડોશીઓ ... |
| | | | |

૧ ... સાથે પરદેશનો પ્રવાસ કરશે.

૨ ... સાથે લેસ્ટરમાં રહેશે.

૩ ... સાથે સાઈકલથી મુસાફરી કરશે.

૪ ... સાથે શહેરમાં ફરવા જશે.

૫ ... સાથે મજાક-તોફાન કરશે. **[૪]**

**બ) સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

**(ચ)** આશુ નિશાળે ...

**ક** ચાલીને જતો. ☐

**ખ** બસમાં જતો. ☐

**ગ** રેલગાડીમાં જતો. ☐

© OCR 2011

(છ) રજાના બીજે દિવસે આશુ ...

ક છ વાગે જાગ્યો. ☐

ખ આઠ વાગે જાગ્યો. ☐

ગ દસ વાગે જાગ્યો. ☐

(જ) આશુ જાગી ગયો કેમ કે ...

ક ખૂબ ગરમી હતી. ☐

ખ બહાર અજવાળું હતું. ☐

ગ તેને લેસ્ટર જવાનું હતું. ☐

(ઝ) આશુનાં મમ્મી લેસ્ટર ગયાં કેમ કે ...

ક તેમને લેસ્ટરમાં બધે ફરવું હતું. ☐

ખ તેમને ભાઈને મળવું હતું. ☐

ગ દાદીમાને મદદ કરવી જરૂરી હતી. ☐

(ટ) આશુ પાડોશીઓને ન મળી શક્યો કારણ કે ...

ક તે લેસ્ટર ગયો હતો. ☐

ખ પાડોશીઓ ઘેર ન હતા. ☐

ગ વરસાદ પડતો હતો. ☐

© OCR 2011

(ઠ) આશુના નિશાળના મિત્રો ...

ક ફોન ઉપાડતા ન હતા. ☐

ખ નિશાળે ગયા હતા. ☐

ગ આશુથી નારાજ હતા. ☐

(ડ) આશુ નિરાશ થઈ ગયો કારણ કે ...

ક તેને ભૂખ લાગી હતી. ☐

ખ તેને તેનાં માતા યાદ આવતાં હતાં. ☐

ગ તે એકલો પડી ગયો હતો. ☐

(ઢ) છેલ્લે આશુ ખુશ થયો કારણ કે ...

ક તેના મિત્રનો ફોન આવ્યો. ☐

ખ હવે તે બહાર જઈ શકવાનો હતો. ☐

ગ પાડોશીઓ તેને બોલાવવા આવ્યા. ☐

[૮]

© OCR 2011

**સવાલ ૨: શ્રવણ** **[૧૩ ગુણ]**

**પત્રવ્યવહાર**

**અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**
**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલાં છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| અભણ | અર્થ | કમાણી | કાગળપત્ર | કિંમત |
| ખેતરમાં | જવાબ | જાહેર | થેલીમાં | દવાખાનામાં |
| દવાનો | દાક્તર | પેટીમાં | પુસ્તકો | બહુ |
| બાળવર્ગ | ભણેલા | ભરોસાપાત્ર | મહેનતુ | યુવાવર્ગ |
| લખવાનો | શિક્ષક | સેવા | | |

કેટલાંક વર્ષ પહેલાં ગુજરાતના ગામડાઓમાં **(ક)** ......................... લોકો બહુ ઓછા જોવા મળતા. **(ખ)** ......................... કરવાના હેતુથી ગામનો **(ગ)** ......................... શહેરોમાં જઈ વસ્યો હતો. બહારગામ વસતાં બાળકોનાં **(ઘ)** ......................... વંચાવવાનું કામ **(ચ)** ......................... માબાપ કોઈને પૈસા આપીને કરાવતાં. લાખણ ગામના રેવાશંકર આ કામને માટે કોઈ **(છ)** ......................... લેતા નહિ. રેવાશંકર વ્યવસાયે **(જ)** ......................... હતા અને નિવૃત્તિ પછી પોતાના **(ઝ)** ......................... કામ કરતા. ગામનો ટપાલી આવતો તે દિવસે તેઓ **(ટ)** ......................... સામાન એક **(ઠ)** ......................... ભરીને સૌને ઘેર જતા. કોઈ રેવાશંકર પાસે પત્ર વંચાવીને તેનો **(ડ)** ......................... પણ લખાવતું. રેવાશંકર કદી પણ કોઈની ખાનગી વાત **(ઢ)** ......................... કરતા નહિ. આજના ઈન્ટરનેટ કરતાં રેવાશંકર વધારે **(ણ)** ......................... હતા.

© OCR 2011

**Task 3: Listening** **[15 marks]**

**Changes in Tourism**

**Listen to the report and answer the following questions IN ENGLISH.**

**(a)** Why was the speaker able to save on her travel costs when going to her village?

..................................................................................................................................**[1]**

**(b)** What purposes did the grain sacks and the sheet serve during her journey?

**(i)** ..................................................................................................................................**[1]**

**(ii)** ..................................................................................................................................**[1]**

**(iii)** ..................................................................................................................................**[1]**

**(c)** How does the speaker compare her journey on the lorry with present day air travel?

..................................................................................................................................**[1]**

**(d)** What aspect of her wild life watching made the speaker feel fortunate?

..................................................................................................................................**[1]**

**(e)** **(i)** What does the speaker feel about visiting zoos?

..................................................................................................................................**[1]**

**(ii)** Why?

..................................................................................................................................**[1]**

**(f)** What did they do when they arrived in the village?

..................................................................................................................................**[1]**

**(g)** What **two** activities did the speaker really enjoy?

**(i)** ..................................................................................................................................**[1]**

**(ii)** ..................................................................................................................................**[1]**

© OCR 2011

**(h)** What other opportunity did the speaker's father give her?

........................................................................................................................................ **[1]**

**(i)** What does the speaker think about tourism when she was at school?

........................................................................................................................................ **[1]**

**(j)** Why can choosing a holiday be stressful for a family at present?

........................................................................................................................................ **[1]**

**(k)** What aspect of modern tourism makes the speaker sad?

........................................................................................................................................ **[1]**

© OCR 2011

**Task 4: Writing**

**Your friend who is going to spend his holidays with his grandmother in India has drafted an e-mail for her in English. He has asked you to put it into Gujarati before sending it to his grandmother.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

Grandma, you know that I go to Europe on holiday every year but now I am tired of that.

I would like to come to our village and spend time with you.

I look forward to relaxing in the forecourt and enjoying your food.

Can you show me the different stars in the sky as you did when I was young?

Do not worry about additional work as I will help with the cooking and cleaning.

© OCR 2011

પૂજ્ય દાદીમા,

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

............................................................................................................................................................

પ્રણામ

**Section A Total: 60 Marks**

© OCR 2011

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

### આરામ અને મનોરંજન

**દિપેન:** એક પુસ્તક વાંચતાં દિવસો નીકળી જાય અને કોઈ વાર તેમાં એટલાં બધાં લાંબા વર્ણનો હોય કે આપણે થાકી જઈએ. નાટકો જોવા મોંઘી ટિકિટ લેવી પડે અને સિનેમામાં પહોંચવા બસ કે ગાડી લેવી પડે. એટલે મને તો ભઈ, ઘરમાં જ ચલચિત્રો જોવાં ગમે. નિશાળે આવતાં – જતાં ડી.વી.ડી. લઈ આવું અને મન થાય ત્યારે કાચરીનું પડીકું અને રસનો પ્યાલો ભરીને એકલો જ તે જોવા બેસી જાઉં.

**રાજુલ:** હા દિપેન, એ વાત સાચી છે કે ડી.વી.ડી. ઘરમાં ગમે ત્યારે જોઈ શકાય પણ એમ એકલાં એકલાં સરસ ચલચિત્ર જોવામાં શી મજા? હું હંમેશાં મારા ભાઈબહેનો અગર તો મિત્રો સાથે જ ડી.વી.ડી.ના ચલચિત્રો જોઉં. ગંભીર દૃશ્યો આવે તે ગંભીરતાથી નિહાળીએ અને હળવા દૃશ્યો વખતે થોડી મસ્તી મજાક કરીને આનંદ માણીએ.

**સૈયદ:** રાજુલ હું પણ સિનેમામાં ચલચિત્ર જોવા જાઉં તો મિત્રો કે કુટુંબીજનો સાથે હોય જ. આપણે સાથે બહાર ફરવા નીકળ્યા હોઈએ એવું લાગે. ભલે સિનેમામાં મસ્તી તોફાન ન કરી શકાય પણ ત્યાં કોઈ પણ જાતની ખલેલ વગર આરામથી ચિત્ર જોવાય. ઘેર તો બારણાંની કે ફોનની ઘંટડી વાગે એટલે ચિત્રને પડતું મૂકવું જ પડે.

**અમી:** હું ચલચિત્રો કદી નથી જોતી એવું તો નથી પણ મને પલંગમાં લેટીને કે ઘરના શાંત ખૂણામાં બેસીને નવલકથાના પાત્રોમાં ખોવાઈ જવામાં અનેરો આનંદ મળે છે. ઘણી વાર ચલચિત્રોમાં વાર્તાને ટૂંકી કરી નાખવામાં આવે છે. પુસ્તકોમાં તો પૂરી માહિતી હોય. પુસ્તક લઈને કોઈ પણ જગ્યાએ બસ આનંદથી વાંચતા રહો.

**સકીના:** પુસ્તકો ઘરમાં, બાગમાં, વાહનમાં કે રાહ જોતી વખતે પણ વાંચી શકાય એ સાચી અને સારી વાત છે. જો કે મને તો નાટકો જોવાં વધારે ગમે. આપણી સામે જીવતા જાગતા લોકોની રજૂઆત ખરેખર રોમાંચક લાગે. એની ટિકિટ મોંઘી હોય એટલે મારા શનિરવિના કામના પૈસા બીજે ક્યાંય ન વાપરતાં નાટક જોવા માટે વાપરું.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

**સવાલ ૫ (અ)** **[૧૦ ગુણ]**

**દરેક વાક્ય કોને લાગુ પડે છે?**

**દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો.**

**જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો.**

| સવાલ | | દિપેન | રાજુલ | સૈયદ | અમી | સકીના |
|---|---|---|---|---|---|---|
| દાખલો | **માને છે કે નાટક જોવા માટે બહુ પૈસા જોઈએ** | ✓ | | | | ✓ |
| ક | પગારમાંથી બચત કરીને નાટક જોઈ લે છે. | | | | | |
| ખ | માને છે કે ચલચિત્રો કરતાં પુસ્તકો વધારે વિગતો આપે છે. | | | | | |
| ગ | મિત્રો કે સગાં સાથે ચલચિત્રો માણે છે. | | | | | |
| ઘ | ડી.વી.ડી. જોતી વખતે નાસ્તો પણ માણે છે. | | | | | |
| ચ | માને છે કે ઘેર ચલચિત્ર જોતી વખતે ફોનની ઘંટડી દખલરૂપ બની શકે. | | | | | |
| છ | ચલચિત્રો જોતી વખતે સાથીઓ સાથે આનંદ પણ માણે છે. | | | | | |
| જ | માને છે કે પુસ્તકો વાંચવા માટે કોઈ ખાસ જગ્યાની જરૂર પડતી નથી. | | | | | |
| ઝ | પુસ્તકો વાંચવાનો કંટાળો આવે છે. | | | | | |

© OCR 2011

**સવાલ ૫ (બ)** **[૧૦ ગુણ]**

**નીચે આપેલા લેખનમાં ઉપરના લેખ પ્રમાણે યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.**

| | | | |
|---|---|---|---|
| અચાનક | આનંદમય | આરામથી | અંત |
| ખર્ચ | ખુશીથી | જરૂરી | દોર |
| નકામા | નવરાશના | ભરપૂર | મનપસંદ |
| રહસ્યમય | રીત | વિશેષતા | શ્રમ |

**આરામ અને મનોરંજન**

ચલચિત્રો જોવા સિનેમામાં જવું **(ક)** ......................... તો નથી પણ ત્યાં તે **(ખ)** ......................... જોઈ શકાય છે. નાટકની ટિકિટો માટે વધારે **(ગ)** ......................... કરવો પડે પણ આપણી નજર સામે થતો અભિનય **(ઘ)** ......................... લાગે છે. ડી.વી.ડી.ને ઘરમાં બેસીને આપણા **(ચ)** ......................... સમયમાં ગમે ત્યારે જોઈ શકાય છે પણ ઘણી વખત આપણને વચ્ચે વચ્ચે **(છ)** ......................... આવી પડેલાં કામ કરવાં પડે છે. આમ થવાથી ચિત્રની વાર્તાનો **(જ)** ......................... તૂટી જાય છે. પુસ્તકોની **(ઝ)** ......................... એ છે કે તે ગમે ત્યાં વાંચી શકાય અને તેમાં **(ટ)** ......................... વિગતો આપેલી હોય. આમ, સૌ કોઈ પોતપોતાના મનોરંજન માટે પોતાને **(ઠ)** ......................... પ્રવૃત્તિ શોધી લે છે.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2011

**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

## નિકુંજની નવી મા

નિકુંજ હજુ એક વર્ષનો પણ નહોતો થયો ત્યારે, હૃદયની બીમારીને કારણે, બે દિવસનો ખાટલો ભોગવીને તેની માતાએ આ દુનિયા છોડી હતી. ત્યારથી નિકુંજનાં દાદી, રતનબા જ તેની ભૂખ – તરસ ભાંગતાં, તેનું નહાવા – ધોવાનું સાચવતાં અને તે રડે તો તરત જ ખોળામાં બેસાડતાં. નિકુંજનાં બાપુ તો દુકાનના કામમાંથી બહુ થોડો સમય દીકરા માટે ફાળવી શકતા.

નિકુંજ ચૌદ વર્ષનો થયો તે પછી એક દિવસ નિકુંજના બાપુ અને દાદીમા તેનાં દૂર રહેતાં એક વિધવા કાકીને મળવા ગયાં. ત્યાંથી આવ્યાં તે પછી તેઓ બંને વચ્ચે અવારનવાર ધીમે ધીમે વાતો થતી. તેઓ જે ઓરડામાં હોય ત્યાં નિકુંજ આવતો કે તરત જ તેઓ શાંત થઈ જતાં. તેમના આ વર્તનથી નિકુંજના મનમાં શંકા – કુશંકા થવા લાગી. તે નિશાળે જતો ત્યારે ભાઈબંધો પોતપોતાના ઘરમાં સાંભળેલી વાતો નિકુંજને કરતા. "નિકુંજ, તારા બાપુ તારાં કાકીને પરણશે એટલે તારે નવી મા આવશે. હવે તને પેટ ભરીને ખાવા નહિ મળે, આખો વખત તેનાં ચિંધેલાં કામ કરવાં પડશે અને તારું ભણવાનું પણ બંધ થશે." નિકુંજ ગભરાઈ ઊઠતો.

એક દિવસે તેણે દાદીમાને નવી મા વિશે પૂછ્યું તો તેમણે પ્રેમથી કહ્યું, "બેટા, તું દુખી થઈશ એવું માનીને તારા બાપુ તો ફરી પરણવા માગતા જ ન હતા. પણ તારાં વિધવા કાકીને તેમનું કુટુંબ કેટલું દુખ આપે છે તે જોઈને તેઓ કાકી સાથે પરણવા તૈયાર થયા છે." નિકુંજ કંઈક સમજ્યો પણ તેના મનમાં ભય તો રહી જ ગયો.

રોજ તો નિકુંજ નિશાળેથી છૂટીને બે વાગે ઘેર પહોંચી જતો પણ બાપુ નવી માને લઈને આવવાના હતા તે દિવસે નિકુંજ ચાર વાગ્યા સુધી નિશાળમાં જ બેસી રહ્યો. તેના મનમાં નવી માનો ભય તાજો થયા કરતો હતો. છેવટે તે ઘેર આવ્યો અને દાદીમાને જોતાં જ તેનું મોં રડું રડું થઈ ગયું. તેની નજર દાદીમાની પાછળ ઊભેલી એક સુંદર ચહેરાવાળી સ્ત્રી ઉપર પડી. તેને જોઈ નિકુંજને થયું, "આની આંખોમાં તો સ્નેહની ગંગા વહે છે અને હોઠ પર કેવું મધુર સ્મીત છે! આ જ નવી મા હશે?" તેણે દાદીમા સામે જોયું તો તેમણે હકારમાં માથું નમાવ્યું. ત્યાં તો એ સ્ત્રીએ નિકુંજને ખુરસી પર બેસવાનું કહ્યું. ઘરમાંથી ઠંડું પાણી લાવીને નિકુંજને આપ્યું. પછી પ્રેમથી પૂછ્યું, "જમવું છે ને? થાળી પીરસું છું. થાક્યો હશે. જમીને પછી આરામ કરજે." નિકુંજને નિશાળના મિત્રોની વાતો યાદ આવી અને તેની આંખો ભરાઈ આવી. ભૂખ તો કકડીને લાગી જ હતી એટલે નિકુંજ નવી માએ પીરસેલી ચિક્કાર થાળી પર તૂટી પડ્યો. નવી મા નિકુંજને સવાલો પૂછતી રહી અને નિકુંજ આનંદથી જવાબ આપતો રહ્યો. દાદીમાનો ચહેરો સંતોષથી છલકાઈ ગયો.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

**(ક)** નિકુંજનાં માનું મૃત્યુ કઈ બીમારીને કારણે થયું હતું?

........................................................................................................................ **[૧]**

**(ખ)** તે પછી નિકુંજનાં દાદીમા જ તેનાં મા બન્યાં હતાં એમ શાના પરથી કહી શકાય?

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(૩)** ........................................................................................................... **[૧]**

**(ગ)** નિકુંજ શા માટે તેના બાપુ સાથે વધુ સમય ગાળી ન શકતો?

........................................................................................................................ **[૧]**

**(ઘ)** દાદીમા તથા બાપુના કયા કયા વર્તનને કારણે નિકુંજના મનમાં શંકાઓ ઊઠવા લાગી?

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(ચ)** નિશાળના મિત્રોની કઈ કઈ વાતોએ નિકુંજને ગભરાવી મૂક્યો? **ત્રણ** વિગતો આપો.

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(૩)** ........................................................................................................... **[૧]**

**(છ)** ફરીથી લગ્ન કરવાની બાબતે નિકુંજના પિતાજીના મનમાં કેવા કેવા વિચારો આવ્યા હશે?

**(૧)** નિકુંજ બાબતે

........................................................................................................................ **[૧]**

**(૨)** નિકુંજનાં વિધવા કાકી બાબતે

........................................................................................................................ **[૧]**

© OCR 2011

**(જ)** બાપુ નવી માને લઈ આવ્યા તે દિવસે નિકુંજ શા માટે નિશાળમાં જ બેસી રહ્યો?

........................................................................................................................................**[૧]**

**(ઝ)** નિકુંજે નવી માને પહેલવહેલાં જોયાં ત્યારે તેને શા માટે આશ્ચર્ય થયું? **બે** વિગતો આપો.

**(૧)** .......................................................................................................................... **[૧]**

**(૨)** .......................................................................................................................... **[૧]**

**(ટ)** નવી માએ નિકુંજના સ્વાગત માટે શું શું કર્યું?

**(૧)** .......................................................................................................................... **[૧]**

**(૨)** .......................................................................................................................... **[૧]**

**(૩)** ..........................................................................................................................**[૧]**

**(ઠ)** મિત્રોની વાત યાદ આવી ત્યારે નિકુંજે કેવો પ્રતિભાવ આપ્યો?

........................................................................................................................................ **[૧]**

**(ઢ)** દાદીમાને શા માટે સંતોષ થયો?

........................................................................................................................................

........................................................................................................................................**[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2011

**સવાલ ૭: વાંચન અને લેખન**

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના લખવા જોઈએ. લેખમાંના એક સાથેના ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને કુલ ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ.**

**ખરીદી**

૧. જીગર યુ.કે.ની મોટી દુકાનોમાં ખાવાનાની કે સાફસૂફીના સામાનની ખરીદી કરે, કપડાં – જોડા કે સી.ડી. ખરીદે. દુકાનોમાં બધું રંગ, માપ કે નામ પ્રમાણે વ્યવસ્થિત ગોઠવેલું હોય અને દરેક વસ્તુની કિંમત લખેલી હોય. ખિસ્સાને પોસાય તે લઈને જીગર ગલ્લા પર જાય અને મદદનીશ પૈસા લઈને માલ થેલીમાં ભરી આપે એટલે પત્યું. કોઈ માથાકૂટ નહિ.

૨. કાજલ ભારત જાય ત્યારે તેને સાડી, પંજાબી પોશાક, ઘરેણાં વગેરેની પેટી ભરીને ખરીદી કરવી હોય. તેને માટે તે ભારતની મોટી નહિ પણ નાની દુકાનોમાં જવાનું પસંદ કરે. દુકાનદાર મીઠો આવકાર આપી દુકાનની અંદર આરામથી બેસાડી આગતાસ્વાગતા કરે. દુકાનોમાં માલ ગીચોગીચ ભર્યો હોય અને કાજલને તો બધું અવ્યવસ્થિત પણ લાગે. પણ ક્ષણમાં દુકાનદાર તેની સમક્ષ મનપસંદ વસ્તુઓનો ઢગલો કરી દે. છેલ્લે તેને ભાવમાં ઘણો ઘટાડો કરી આપે.

૩. જીગર અને કાજલ બન્ને કહે છે કે કપડાંના માપમાં ફેરફાર કરાવવો હોય તો ભારતમાં ઘણું સહેલું અને સસ્તું છે. યુ.કે.માં તો આ કામના કેટલાયે પાઉન્ડ આપવા પડે. જો કે ખરીદી કરી લીધા પછી વસ્તુ બદલાવવી હોય કે પૈસા પાછા જોઈતા હોય તો યુ.કે.માં ગ્રાહકો માટે વધારે સારી સગવડો છે. જ્યારે યુ.કે. આવી ગયા પછી ભારતથી ખરીદેલો સામાન ન ગમે તો પણ પાછો થોડો મોકલી શકાય?

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં લખો.**

ઉપરના લેખમાં યુ.કે.માં અને ભારતમાં ખરીદી કરવા વિશે જે વિગતો આપી છે તે તમારા શબ્દોમાં લખો.

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**

**સવાલ ૭.બ. હવે તમારા અભિપ્રાયો આપો.**

તમારા અભિપ્રાય પ્રમાણે, શું આપણે સૌ ખરીદીમાં ઘણો બધો સમય વીતાવીએ છીએ?

**[લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**

**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**

**[કુલ: ૫૦ ગુણ]**

© OCR 2011

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં લખો.**

ઉપરના લેખમાં યુ.કે.માં અને ભારતમાં ખરીદી કરવા વિશે જે વિગતો આપી છે તે તમારા શબ્દોમાં લખો.

© OCR 2011

**સવાલ ૭.બ. હવે તમારા અભિપ્રાયો આપો.**

તમારા અભિપ્રાય પ્રમાણે, શું આપણે સૌ ખરીદીમાં ઘણો બધો સમય વીતાવીએ છીએ?

........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................
........................................................................................................................................................................

© OCR 2011

**Section B Total: 100**

© OCR 2011

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2011

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2011

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

OCR
RECOGNISING ACHIEVEMENT

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2011